Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૧૧૧૨ ● પ્રકાશિત તા-૨૨-૪-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## ડ્રાઈવિંગ લાઈસન્સ અને વીમા નિયમોમાં મોટા ફેરફાર

ગુજરાતના લાખો વાહનચાલકો માટે માર્ગ પરિવહન વિભાગ તરફથી મહત્ત્વના અને રાહતરૂપ બદલાવ જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા મોટર વ્હીકલ એક્ટમાં સુધારા સાથે 'જન વિશ્વાસ બિલ' અમલમાં મુકાતા ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન રજિસ્ટ્રેશન અને અકસ્માત વળતર સંબંધિત નિયમોમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. આ સુધારાનો મુખ્ય ઉદેશ સજાના કડક અભિગમને બદલે પ્રક્રિયાને સરળ બનાવી નાગરિકોને નિયમ પાલન માટે પૂરતો સમય અને તક આપવાનો છે. નવી વ્યવસ્થા મુજબ, ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત પૂરી થયા બાદ પણ હવે એક મહિના સુધી તે માન્ય ગણાશે. અગાઉ લાઈસન્સ એક્સપાયર થતા જ અમાન્ય બની જતું હતું, પરંતુ હવે વાહનચાલકોને રિન્યૂ કરવા માટે વધારાનો સમય મળશે. આ સાથે જ વાહન રજિસ્ટ્રેશન રદ કરવાની સમયમર્યાદા ૧૪ દિવસથી વધારીને ૩૦ દિવસ કરવામાં આવી છે, જેનાથી પ્રક્રિયા વધુ વ્યવહારુ બનશે. વાહન વેચાણના કિસ્સામાં વીમામાં નામ ટ્રાન્સફર કરવા માટેનો સમયગાળો પણ વધારીને એક મહિના સુધી કરવામાં આવ્યો છે. અકસ્માતના કિસ્સામાં વળતર માટે અરજી કરવાની મર્યાદા ૬ મહિનાથી વધારીને ૧ વર્ષ કરાઈ છે, જેનાથી પીડિતોને ન્યાય મેળવવા માટે વધુ સમય મળશે. એક તરફ નિયમોમાં આ પ્રકારનું સરળીકરણ કરવામાં આવ્યું છે, તો બીજી તરફ રાજ્યમાં માર્ગ અકસ્માતોની ગંભીર સ્થિતિ ચિંતાજનક છે. આરટીઆઈથી મળેલી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન ગુજરાતમાં કુલ ૭૯,૦૫૪ માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૩૮,૫૩૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યમાં સરેરાશ દર કલાકે બે અકસ્માત થાય છે અને એક વ્યક્તિનું મૃત્યુ થાય છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist

SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
❖ Type 1 & Type 2 Diabetes In People Of All Ages
❖ Diabetes Complications Management
❖ Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
❖ All Types Of Thyroid Disorders
❖ Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
❖ Pcos ( Polycystic Syndrome)
❖ Short Height And Pubertal Disorders In Children
DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM
Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist

Specialist in Skin and Hair Problems
☑ Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
☑ Pimples and Acne Treatment
☑ Pigmentation / Dark Spots
☑ Laser Hair Removal
☑ Anti-aging, Peels, Botox, Fillers
☑ Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
☑ Pediatric skin diseases
DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

હવેથી નવા સરનામે મળીશું

SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company
Costly Medicines & Injectables at LOW COST
કેન્સર ● કીડની ● કીમોથેરાપી
● એચઆઈવી ● ન્યુરો ● લીવર
● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ● ઈમરજન્સી
● આઈસીયુ ● રૂમેટોલોજી ● ઓર્થો
● ટ્રાન્સપ્લાન્ટ ● ગેસ્ટ્રો ● લાઈફ સેવિંગ
● બ્લડ પ્રોડક્ટ ● દવાઓ અને ઈન્જેક્શન
● વેક્સીન
Pan India Delivery
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Fast Delivery
SCANE FOR LOCATION
૦૨, અંકુર સોસાયટી (વિભાગ-૧), GHB કોમ્પ્લેક્સની સામે, અંકુર ચાર રસ્તા પાસે, અંકુર, નારણપુરા,અમદાવાદ-૧૩.
9978661661, 9375047120

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### મતદારો અકળ - નિરુત્સાહી : કોના માટે મતદાન કરવું તે જ પ્રશ્ન

# ભાજપને TINA ફેકટર પર ભરોસો : વિપક્ષો જનઆક્રોશ-અસંતોષના આશરે

અમદાવાદ : અમદાવાદમાં મ્યુ કોર્પોરેશનની ચુંટણીમાં હવે મતદાન આડે ત્રણ જ દિવસ બાકી રહ્યા છે અને સવારથી રાત્રી સુધી ઉમેદવારો અને રાજકીય પક્ષો પરસેવો પાડી રહ્યા છે પણ લોકોનું અકળ મૌન તેમને અકળાવે છે. એક તરફ કોઈ મુદા વગરની અને જે રીતે લોકોને સ્પર્શતા પ્રશ્નોનો ઉકેલ ચહેરા બદલવાથી આવશે કે કેમ તે હવે મતદારોને ભરોસો નથી. અમદાવાદમાં ખાસ કરીને ભાજપ જેણે ૭૦ ટકા કોર્પોરેટરો બદલ્યા પણ તે પછી પણ જનતાને તેમાં 'ભરોસો' જણાય તેવા બે-પાંચ સિનિયરને બાદ કરતા કોઈ નવા ચહેરા નથી કે જેનો લોકોના પ્રશ્નો ઉકેલવાના કોઈ ટ્રેક રેકોર્ડ નથી કે તેના સહારે પેનલ કે પક્ષને જીતાડવા માટેનો ઉત્સાહ જાગે. ભાજપના બહુમતી કોર્પોરેટર હોય તો પણ તેઓ માટે પ્રજા નહી, પક્ષ જ પરમેશ્વર છે અને જનરલ બોર્ડ હોય કે કોઈપણ મંચ પણ ભાજપના કોર્પોરેટરોએ જનતાના પ્રશ્નોની આક્રમક રજુઆત કરીને કોઈ મોટા પ્રશ્નો ઉકેલ્યા હોય તેવો દાખલો નથી તેવું મતદારો મહેસૂસ કરે છે.

આ અંગે ખાસ કરીને નાગરિકોના અભિપ્રાયમાં જે રીતે ભાજપ વિકાસનો મુદો ચગાવે છે તો જવાબ મળે છે કે વિકાસ અમો ચોમાસામાં ખાડામાં પડેલા જોયા છે અને તેની ફરી ભાજપને શાસન સોપવાની ફરી એ જ જોવાનું રહે છે.જો કે ભાજપ કોર્પોરેશનમાં ફરી કલીન સ્વીપ કરવાનો વિશ્વાસ ધરાવે છે. જેમાં મુખ્યત્વે એક જ ફેકટર કોઈ સબળ-વિપક્ષ કે વોર્ડ કક્ષાએ પણ કોઈ મજબૂત હરિફનો અભાવ છે.

બીજુ તરફ ભાજપનું સંગઠન રાજયના નેતૃત્વનું પીઠબળ ચુંટણી લડવાનો અને માઈક્રોપ્લાનીંગની ખુબી ધરાવતા નેતાઓ અને નાણા તથા સરકારી તંત્રનું પીઠબળ આ તમામ તેની પાસે છે અને હરીફ ઉમેદવારો કે પક્ષ પાસે આ તમામ ફેકટરોનો અભાવ છે.આમ ભાજપ ધેર ઈઝ નો અલ્ટરનેટીવ (TINA) ફેકટર પર જ વિજય વિશ્વાસ ધરાવે છે અને લોકો પાસે પણ કોઈ વિકલ્પ કયા છે તે પણ ભાજપ જાણે છે. તેની જે કઈ મતો પડશે તેમાં ભાજપની પેનલ જીતી જશે. તેમાં પક્ષ માને છે.

લોકો પણ વિચારતા થયા છે પણ ભરોસો કોનો કરવો તે પ્રશ્ન છે. ચુંટણી પુર્વે પક્ષાંતર થયા- ઉમેદવારી પાછી ખેંચાઈ અને તે પછી પણ ઉમેદવારો ખસી ગયા હતા. બધી વિપક્ષની નબળાઈએ ભાજપને મજબૂત બનાવે છે.

## આપને સત્તાના સપના, ચૂંટણી વાયદા કર્યા

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાં ટિકિટોની સોદાબાજીને લઈ ભડકાની સ્થિતિ છે. ભેંસ ભાગોળે છાશ છાગોળેને ઘરમાં ધમાધમ જેવી સ્થિતિ છે તેમ છતાં શનિવારે અમદાવાદ શહેર માટે આમ આદમી પાર્ટીએ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. અમદાવાદ શહેરના અડધો અડધ કરતા વધારે વોર્ડમાં કામ કરતા વધારે વોર્ડમાં આમ આદમી પાર્ટી ચાર ઉમેદવારોની આખી પેનલ ઊભી રાખી શકી નથી અને હવે મંગૂરી લાલ કે હસીન સપનેની જેમ અલગ અલગ જાતના વાયદાઓ કર્યા છે. અમદાવાદ શહેર માટે ચૂંટણીનો ઢંઢેરો જાહેર કર્યો તેમાં આમ આદમી પાર્ટીએ એવો દાવો કર્યો હતો કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપીશું. આ જાહેરાત વખતે આપના કાર્યકરોએ એવી ટીખળ કરી હતી કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાં જ ઠેર ઠેર ટિકિટોની વહેંચણીમાં નાણાંની લેતી દેતી થઈ છે. એટલું જ નહીં પરંતુ અમદાવાદ પૂર્વના એક આગેવાને તાજેતરમાં જ પ્રભારીનો બારોબારનો ઉધડો લીધો હતો જેમાં આપ નેતાઓ સામે શરાબ અને શબાબને લગતા ગંભીર આક્ષેપો કરીને એવો દાવો કર્યો હતો કે આપના ઉમેદવારોની ડિપોઝિટ પણ પાછી મળવાની નથી. એએમસીને લગતી મોટાભાગની સેવાઓ પહેલેથી જ ઓનલાઈન છે તેમ છતાં આપે જે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે તેમાં શહીરજનોને એવો વાયદો કર્યો છે કે ડિજિટલ અમદાવાદ યોજના અંતર્ગત તમામ સેવાના કામો ઓનલાઈન કરાશે.

## વાડજમાં છરા સાથે જાહેરમાં યુવકનો આતંક

અમદાવાદ : અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાડજમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વાડજમાં રામાપીરના ટેકરા પાસે આવેલા BRTS બસ સ્ટેન્ડ નજીક એક માથાભારે શખસે જાહેરમાં હાથમાં છરો લહેરાવીને લોકોમાં ફફડાટ ફેલાવ્યો હતો. આ શખસનો હિંસક આતંક મચાવતો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા પોલીસ દોડતી થઈ છે. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, આરોપી હાથમાં તીક્ષ્ણ છરો લઈને રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને ધમકાવી રહ્યો છે. તેણે લોકોને ધમકી આપી હતી કે 'અહીંથી કોઈએ પસાર થવું નહીં.' આટલું જ નહીં, તેણે આસપાસના સ્થાનિક વેપારીઓને પણ નિશાન બનાવ્યા હતા અને ચિકનની દુકાન સિવાયની તમામ દુકાનો તાત્કાલિક બંધ કરી દેવા માટે દબાણ કર્યું હતું. અસામાજિક તત્ત્વની હિંમત એટલી હદે વધી ગઈ હતી કે તેણે જાહેરમાં ઊભા રહીને પોલીસ અને BRTS તંત્રને બેફામ ગાળો ભાંડી હતી. કાયદાના ડર વગર તે જાહેરમાં તંત્રને પડકારતો જોવા મળ્યો હતો. સ્થાનિકો મુજબ, અગાઉના પીઆઇ વી.આર. ડાંગરની બદલી બાદ વિસ્તારમાં આવા તત્ત્વો ફરી માથું ઊંચકી રહ્યા છે, જે હવે નવા નિમાયેલા પીઆઇ એચ.પી. ગરાસિયા માટે મોટો પડકાર સાબિત થશે.

## નિર્ણયનગર ઓવરબ્રિજ પર વન-વે કરાયો, ટ્રાફિક સમસ્યાનું નિવારણ લાવવા

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવાના હેતુથી શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડયું છે. નિર્ણયનગર અંડરપાસ પાસે આવેલા ઓવરબ્રિજ પર વાહનોના ભારે ભારણને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને દૂર કરવા માટે તંત્ર દ્વારા ઓવરબ્રિજને 'વન-વે' જાહેર કરાયો છે. આ નવા નિયમો તા.૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ મધરાતથી અમલી બનશે. નિર્ણયનગર અંડરપાસ ઉપરના ઓવરબ્રિજનો ઉપયોગ હવે માત્ર ચાંદલોડિયા, ઉમિયા હોલ અને નિર્ણયનગર તરફથી વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તરફ જવા માટે જ કરી શકાશે. એટલે કે પૂર્વ છેડાથી પશ્ચિમ છેડા તરફનો માર્ગ વન-વે રહેશે. નિયમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી પોલીસ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરાઈ છે કે, આ આદેશનું ઉલ્લંઘન કરનારા સામે કાયદેસરની કાર્યવાહી થશે.

### વાહન ચાલકો માટે વૈકલ્પિક વ્યવસ્થા

અમદાવાદ : નિર્ણયનગર ઓવરબ્રિજ પર વન વે કરાતા વાહન ચાલકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ રહી છે જેમાં જે વાહન ચાલકો વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તરફથી નિર્ણયનગર તરફ જવા માંગતા હોય તેઓ હવે આ ઓવરબ્રિજનો સીધો ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહન ચાલકોએ આગળ વધીને ઉમિયા હોલ ત્રણ રસ્તા જંકશનથી યુ-ટર્ન લઈને નિર્ણયનગર તરફ જવાનું રહેશે. ચાંદલોડિયા, નિર્ણયનગરથી વીર સાવરકર સ્પોર્ટ્સ કોલમ્પલેક્ષ ઓવરબ્રિજ પરથી જઈ શકાશે. જો કે, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષથી નિર્ણયનગર ઓવરબ્રિજ પર જઈ શકાશે નહીં.










NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## પૂર્વ અને પશ્ચિમમાં રહેવાસીઓનો ભારે ઉત્સાહ

# અમદાવાદમાં હાઉસીંગ વસાહતોમાં રીડેવલપમેન્ટ પ્રક્રિયાએ ફરી રફતાર પકડી

### રીડેવલપમેન્ટના ક્ષેત્રમાં નારણપુરા વિસ્તાર અત્યારે કેન્દ્રસ્થાને છે. સાત વર્ષ જૂના ટેન્ડર ધરાવતા નિધિ-૮૪ (નિધિ એપાર્ટમેન્ટ) માં નોટરાઈઝડ સંમતિ જમા કરાવવાની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ સાથે જ ગીતાંજલી એપાર્ટમેન્ટમાં માત્ર એક જ દિવસમાં ૭૫% MOU ની પ્રક્રિયા પૂરી કરીને રહેવાસીઓએ રીડેવલપમેન્ટ પ્રત્યે પોતાની મક્કમતા દર્શાવી

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : શહેરમાં ટૂંકા વિરામ બાદ ફરી એકવાર રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં તેજી જોવા મળી રહી છે. શહેરના વિકાસ નકશામાં હવે માત્ર પશ્ચિમ જ નહીં, પરંતુ પૂર્વ વિસ્તારની હાઉસીંગ બોર્ડની કોલોનીઓમાં પણ રહેવાસીઓ સામે ચાલીને રીડેવલપમેન્ટ માટે આગળ આવી રહ્યા છે. વર્ષો જૂની ઈમારતો અને પાયાની સુવિધાઓના અભાવે આ વિસ્તારોમાં જાગૃતિનો મોટો જુવાળ જોવા મળ્યો છે.

અમદાવાદની મોટાભાગની હાઉસીંગ બોર્ડની સોસાયટીઓ ૪૦ થી ૪૫ વર્ષ જેટલી જૂની થઈ ચૂકી છે. હાલમાં આ વસાહતોમાં અનેક મકાનો જર્જરિત હાલતમાં છે. આ ઉપરાંત રોડ, લાઈટ અને પાણીની લાઈનો જૂની થવાથી અવારનવાર મુશ્કેલીઓ સર્જાય છે. વળી પાર્કિંગની સમસ્યા વિકરાળ બની રહી છે. આ તમામ પ્રશ્નોના કાયમી ઉકેલ તરીકે હવે રહીશો



રીડેવલપમેન્ટને એકમાત્ર વિકલ્પ માની રહ્યા છે.જેના કારણે હાઉસીંગ બોર્ડની અનેક સોસાયટીઓ રીડેવલપમેન્ટ જોડાવવા તલપાપડ હોવાનું જાણવા મળ્યું છે.

છેલ્લા કેટલાક મહિનાની વાત કરીએ તો અમદાવાદમાં સોનલ પાર્ક કોલોની, સત્યમ કોલોની, ગોપાલ કોલોની, વિશાલ કોલોની, બાલકૃષ્ણ કોલોની એમ કુલ-૫ કોલોનીના ટ્રાય પાર્ટી થયેલ છે.આ ઉપરાંત સનસાઈન કોલોની, નેહરુનગર કોલોની, વંદનપાર્ક કોલોની, અમી કોલોની, રૂપલ પાર્ક કોલોની, આનદ કોલોની એમ કુલ ૬ કોલોનીના સંમતિની પ્રક્રિયા હેઠળ છે.

રીડેવલપમેન્ટના ક્ષેત્રમાં નારણપુરા વિસ્તાર અત્યારે કેન્દ્રસ્થાને છે. સાત વર્ષ જૂના ટેન્ડર ધરાવતા નિધિ-૮૪ (નિધિ એપાર્ટમેન્ટ) માં નોટરાઈઝડ સંમતિ જમા કરાવવાની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ સાથે જ ગીતાંજલી એપાર્ટમેન્ટમાં માત્ર એક જ દિવસમાં ૭૫% MOU ની પ્રક્રિયા પૂરી કરીને રહેવાસીઓએ રીડેવલપમેન્ટ પ્રત્યે પોતાની મક્કમતા દર્શાવી છે.

બીજી તરફ, નવા વાડજ અને અખબારનગર આસપાસની સોસાયટીઓમાં પણ સેન્સ પ્રક્રિયા તેજ બની છે. શિવમ એપાર્ટમેન્ટ અને આનંદનગર એપાર્ટમેન્ટના રહીશો પણ હવે જર્જરિત બાંધકામથી છુટકારો મેળવવા રીડેવલપમેન્ટની માગણી કરી રહ્યા છે.

## ગુજરેરાનો મહત્વનો ચુકાદો

# ફ્લેટના કાર્પેટ એરિયામાં આંતરિક દીવાલોનો સમાવેશ કાયદેસર..!!

અમદાવાદ : શહેરના ગોતા વિસ્તારમાં આવેલા 'આરંભ ઝેસ્ટ' પ્રોજેક્ટમાં ફ્લેટ ધરાવતા એક ગ્રાહકની ફરિયાદને રદબાતલ ઠેરવતા ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) એ કાર્પેટ એરિયા અંગે અત્યંત મહત્વ સ્પષ્ટતા કરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, ફરિયાદી અંકિતાબેન પ્રજાપતિએ બિલ્ડર શાન્વી નિર્માણ એલ.એલ.પી. વિરુદ્ધ એવી ફરિયાદ નોંધાવી હતી કે તેમને વેચાણ દસ્તાવેજ મુજબ ૪૩૪ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા મળવો જોઈએ, પરંતુ ખાનગી સર્વે મુજબ તેમને ૧૪.૩ ચોરસ ફૂટ જેટલી ઓછી જગ્યા મળી છે. ફરિયાદીએ આ ઓછી જગ્યાના બદલામાં વ્યાજ સાથે નાણાં પરત મેળવવાની માંગ કરી હતી.

સામાવાળા બિલ્ડર પક્ષે દલીલ કરી હતી કે, રેરા એક્ટની કલમ ૨(l) અને ગુજરેરાના વર્ષ ૨૦૧૭ ના પરિપત્ર મુજબ, કાર્પેટ એરિયાની ગણતરીમાં ફ્લેટની અંદરની આંતરિક વિભાજન દીવાલો (ઈન્ટરનલ પાર્ટીશન વોલ્સ) અને આંતરિક કોલમનો સમાવેશ થાય છે. બિલ્ડરના જણાવ્યા અનુસાર, જો આ દીવાલોના એરિયાને ગણતરીમાં લેવામાં આવે તો ગ્રાહકને દસ્તાવેજ મુજબ પૂરેપૂરો કાર્પેટ એરિયા આપવામાં આવ્યો છે.

ગુજરેરાના મેમ્બર શ્રી એમ.એ. ગાંધીએ બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા બાદ અવલોકન કર્યું કે ફરિયાદીએ રજૂ કરેલો ખાનગી સર્વે રિપોર્ટ ખામીયુક્ત હતો કારણ કે તેમાં આંતરિક દીવાલોની જગ્યાને બાદ કરી દેવામાં આવી હતી.

ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું કે, રેરા કાયદાની જોગવાઈ મુજબ કાર્પેટ એરિયા એટલે 'નેટ યુઝેબલ ફ્લોર એરિયા', જેમાં બાહ્ય દીવાલો, સર્વિસ શાફ્ટ અને બાલ્કનીનો સમાવેશ થતો નથી, પરંતુ ફ્લેટની અંદરની દીવાલોનો એરિયા ચોક્કસપણે સમાવિષ્ટ છે.

"રેરા એક્ટની કલમ- ૨(l) ની જોગવાઈ ધ્યાનમાં લેતાં અને આ ઓથોરીટીએ સદર કલમના સંદર્ભમાં બહાર પાડેલ સર્ક્યુલર ધ્યાનમાં લેતાં તેવી કાયદાકીય પરિસ્થિતિ જણાય છે કે, કાર્પેટ એરીયાની ગણત્રી કરતી વખતે ઈન્ટરનલ વોલ અને ઈન્ટરનલ કોલમના એરીયાનો પણ સમાવેશ થાય છે અને તે એરીયાને ટોટલ કાર્પેટ એરીયામાંથી બાદ કરવાનો રહેતો નથી.

આ કેસમાં ફરિયાદીના ફ્લેટમાં કાર્પેટ એરીયા ૪૩૪ ચો.ફુટ અને વોશ એરીયા ૨૨ ચો.ફુટ છે તેમાં ઈન્ટરનલ વોલના એરીયાનો સમાવેશ થાય છે અને તે એરીયા બાદ કરવાનો રહેતો નથી. આ રીતે આ કેસમાં સામાવાળાએ કાર્પેટ એરીયા ઓછો આપેલ હોય તેવી હકીકત જણાતી નથી," એમ રેરાએ જણાવ્યું હતું.

"ફરિયાદીએ એવી રજુઆત કરેલ છે. કાર્પેટ એરીયાની ગણતરીમાં ઈન્ટરનલ વોલ એરીયાનો સમાવેશ કરેલ છે તે ખોટી રીતે કરેલ છે અને તે એરીયા બાદ કરવો જોઈએ. પરંતુ રેરા એક્ટની જોગવાઈ વંચાણે લેતાં ફરિયાદીની સદર રજુઆત સ્વીકારી શકાય તેમ નથી. આ રીતે સામાવાળાએ ફરિયાદીને કાર્પેટ એરીયા ઓછો આપેલ હોય તેવી હકીકત સ્વીકારી શકાય તેમ નથી," એમ રેરાએ વધુમાં ઠરાવ્યું હતું.

આમ આ કાયદાકીય સ્થિતિને જોતા ઓથોરિટીએ ઠેરવ્યું કે, બિલ્ડરે કાર્પેટ એરિયા ઓછો આપ્યો હોવાની હકીકત સ્વીકારી શકાય તેમ નથી અને તે આધારે આ ફરિયાદ રદ કરવામાં આવી છે. આ ચુકાદો રિયલ એસ્ટેટ ક્ષેત્રે કાર્પેટ એરિયાની ગણતરી બાબતે પ્રવર્તતી મૂંઝવણોને દૂર કરવા માટે મહત્વનો સાબિત થશે.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ

# પીએમ મોદી, અમિત શાહ અને આનંદીબેન પટેલ ૨૯મી એપ્રિલે મતદાન માટે ગુજરાત આવશે

અમદાવાદ : આગામી ૨૯ મી એપ્રિલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ મોટી અપડેટ સામે આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તેમજ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ મતદાન માટે ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. દરેક ચૂંટણીમાં આ મહાનુભાવો મતદાન માટે ગુજરાતની મુલાકાતે આવતા હોય છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાણીપ વિસ્તારમાં મતદાન કરવા આવી શકે છે. તેમના મતદાનને ધ્યાનમાં રાખીને સુરક્ષા-વ્યવસ્થાને વધુ કડક બનાવવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. તે જ રીતે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવરંગપુરા વિસ્તારમાં મતદાન કરશે. જ્યારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી




અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ ઘાટલોડિયા વિસ્તારમાં મતદાન કરશે. આ ઉપરાંત મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ નવસારી ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે તેવી માહિતી સૂત્રો દ્વારા મળી છે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, સી. આર. પાટીલ અને નિમુબેન બાંભણિયા પણ પોતાના મતક્ષેત્રોમાં હાજર રહી મતદાન કરશે અને લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવશે. બીજી તરફ રાજ્યમાં કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે મતદાન ટકાવારીને લઈને ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે, પરંતુ આવા સંજોગોમાં દેશના ટોચના નેતાઓ સામાન્ય નાગરિકની જેમ લાઈનમાં ઉભા રહી મતદાન કરે તે યુવા અને પ્રથમવાર મતદારો માટે પ્રેરણાદાયક બનશે. દિગ્ગજ નેતાઓની આ હાજરી સ્પષ્ટ સંદેશ આપે છે કે, લોકશાહીમાં એક-એક મત અમૂલ્ય છે.

દિગ્ગજ નેતાઓના મતદાનને લઈને રાજ્યમાં મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચૂંટણી આયોગ દ્વારા મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરવાની દિશામાં કામગીરી ચાલી રહી છે.

## અકસ્માત મૃત્યુના કેસમાં હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# ઘેરથી ઓફિસ જતાં - આવતાં અકસ્માતમાં 'મૃત્યુ ઓન ડ્યુટી' જ ગણાશે : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટે નેશનલ એક્સ્ટેન્શન ઓફ એમ્પ્લોયમેન્ટ (રોજગારના સૈદ્ધાંતિક વિસ્તરણ)ના કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતના આધારે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે, જો કોઈ કર્મચારીનું નોકરીના સ્થળે પહોંચતા પહેલા અથવા કામ પૂરું કરીને (નોકરી પૂર્ણ કરીને) ઘરે પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ થાય તો તેને ચાલુ ફરજ દરમિયાન જ થયેલું મૃત્યુ ગણાય અને તેના પરિવારજનો કર્મચારી વળતર અધિનિયમ હેઠળ યોગ્ય વળતર મેળવવા હકદાર ઠરે છે. ગુજરાત હાઈકોર્ટનો આ ચુકાદો કામદારોના હિતોના રક્ષણ માટે બહુ ઉપયોગી અને અત્યંત પ્રભાવી સાબિત થશે.

જસ્ટિસ જે.સી.દોશીએ દેવશાલા સામે ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સના ચુકાદાને ટાંકતા એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, નોકરીએ જવા કે ઘરે આવવા વચ્ચેનો સમય પણ રોજગારનો ભાગ જ ગણાય. હાઈકોર્ટે આ કેસમાં વીમા કંપની અને વાહનમાલિકની ફર્સ્ટ અપીલો આકરા વલણ સાથે ધરાર ફગાવી દીધી હતી.વર્કમેન કમિશનરને આદેશ આપ્યો છે કે જમા થયેલી વળતરની રકમ યોગ્ય તપાસ બાદ મૃતકના વારસદારોને તાત્કાલિક ચૂકવી દેવામાં આવે.હાઈકોર્ટે વીમા કંપનીની દલીલો ફગાવી દીધી હતી.


કેસની વિગતો મુજબ, સુરતમાં સાલાસર પોલીટેક્સ પ્રાઈવેટ લિમિટેડમાં ડિલીવરી ક્લાર્ક તરીકે કામ કરતાં વિજયકુમાર ચંપકલાલ વાંકાલાનું ૩-૫-૨૦૦૨ના રોજ નોકરી પૂર્ણ કરીને ઘરે પરત ફરતી વખતે રસ્તામાં અકસ્માત સર્જાતા તેમનું કણ મૃત્યુ નીપજ્યું હતું.સરદાર માર્કેટ પાસે એક ટેમ્પોચાલકે તેમને ટક્કર મારી હતી. મૃતકના પરિવારજનો તરફથી કરાયેલા દાવામાં વર્કમેન કમિશનર દ્વારા વર્ષ ૨૦૦૬માં મૃતકના પરિવારજનોને ૨,૮૮,૨૧૦ રૂપિયા વ્યાજ સાથે અને ૫૦ ટકા પેનલ્ટી એટલે કે, બીજા વધારાના ૧,૪૪,૧૦૫ રૂપિયા ચૂકવવાનો વીમા કંપની અને માલિકને હુકમ કર્યો હતો.

આ હુકમથી નારાજ થઈ વાહન માલિક અને વીમા કંપની દ્વારા હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નંબર-૨૯૯૪/૨૦૦૭ દાખલ કરાઈ હતી. જેનો સખત વિરોધ કરતાં મૃતકના પરિવારજનો તરફથી જણાવાયું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ, જો કોઈ વ્યક્તિ નોકરી પર પહોંચતી વખતે અથવા તેની સેવા પૂર્ણ કર્યા પછી ઘરે પહોંચતી વખતે અકસ્માતમાં મૃત્યુ પામે છે. તો તે રોજગારના સૈધ્ધાંતિક વિસ્તારણના દાયરામાં આવે છે અને તેથી કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ મૃતકના આશ્રિતો યોગ્ય અને પૂરતું વળતર મેળવવા માટે હકદાર ઠરે છે. મૃતકના વારસોની દલીલો ગ્રાહ્ય રાખી જસ્ટિસ જે.સી.દોશીએ કર્મચારીઓ અને કામદારો માટે બહુ રાહતભર્યો અને માર્ગદર્શક ચુકાદો જોરી કર્યો હતો.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.